સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

નાની નાની વિધિમાં એ ગરજ બતાવે છે,
અનુભવી અસૂરો બે 'આપ' ને સતાવે છે,
ધૂતાવે હજી પ્રજા, દૂધમાંથી કાઢે પોરાં -
ખતાવે લેણાં ને જૂના હિસાબ પતાવે છે..
('આપ'ને કોંગી-ભાજપનો અસહકાર)

રાહુ પ્રભુત્વે
પકડાય 'સાધુ'ઓ
બેઠી પનોતી

થાય ગાંડા સૌ
પદ, પદવી માટે -
સાધુ-શેતાન..

ચિંતન

યસ્મિન રુષ્ટે ભયં નાસ્તિ તુષ્ટે નૈવ ધનાઆગમઃ ।
નિગ્રહો અનુગ્રહો નાસ્તિ સ રૂષ્ટઃ કિં કરિષ્યતિ ॥ ?

ચાણક્ય નીતિનો આ શ્લોક જેને વાતે વાતે વાંધા પડે રિસામણાં કરી પ્રસંગ બગાડે એવાં જનો માટે છે :

'જેમના નારાજ થવાથી કોઈને કોઇ પણ પ્રકારનો ડર હોતો નથી, જેના પ્રસન્ન થવાથી કોઇને કંઇ જ ધનપ્રાપ્તિનો લાભ પણ થતો નથી અને મોટું કંઇ ઇનામ આપી દેશે એવી કોઇ આશા-શક્યતા પણ હોતી નથી - જે પોતાની તાકાત-પદ શક્તિની કોઇને કંઇ દંડ કે સજા પણ નથી કરી શકતા અને જે કોઇ પ્રત્યે દયા-લાગણી-પ્રેમ-વાતસલ્ય પણ નથી દર્શાવી શકતા, તેમના નારાજ થવાથી કોઇનું કંઇ જ બગડતું નથી.'

કેટલાક લોકોનો સ્વભાવ જ વાતે વાતે વટકવાનો હોય છે લગ્ન જેવા સામાજિક પ્રસંગે આમંત્રણ રૂબરૂ ન આપ્યું-ફોન ન કર્યો-અમારા પ્રસંગે તમે આમ બોલ્યા હતા - આવું કર્યું હતું - યાત્રા પ્રવાસમાં ગયા હોય તો બસનાં ડ્રાઇવર-આયોજકો-વ્યવસ્થા સાથે વાંધો પડે-રૂમમાં આ સગવડ નથી. જેવા વાંધા વચકા પાડી આનંદ જેવા દૂધપાક રૂપી પ્રસંગમાં મોઢાં ચઢાવી મેરવણ નાખી દૂધ પોતે તો ન ખાઇ શકે પણ બીજાનું પણ બગાડે!

ખરેખર તો જો પોતે સાચાં સ્નેહી સંબંધી કુટુંબી સમજતાં હોય તો માન-અપમાનની અપેક્ષા સિવાય ખભેખભો મેળવી મદદમાં હાજર થઇ પ્રસંગની પ્રસન્નતામાં વધારો કરવો જોઇએ-આયોજકો-યજમાનોએ પણ આવા જનોને નગણ્ય કરી મન-પ્રસંગે ક્ષુબ્ધ ન થવું જોઇએ.

સુવિચાર

- મારી પાસે એક દીવો છે જે મને રાહ દેખાડે છે અને તે મારો અનુભવ *- પેટ્રીક હેનરી*
- અભિમાની માણસને કદી મિત્રો હોતા નથી, જયારે તેઓ પૈસાદાર હોય છે ત્યારે તેઓ બીજા કોઇને ઓળખતા નથી અને જયારે તેઓ વિપત્તિમાં હોય છે ત્યારે તેમને કોઇ ઓળખતું નથી *- સંત હેન્રી*
- જો હું એક માણસને નિરાશામાંથી બચાવી શકું, એકાદ માણસની પીડા-દુઃખ દૂર કરી શકું તો મારૂં જીવન એળે ગયું નથી *- સિડની સ્મિથ*
- જે માણસ દિવસની શરૂઆતમાં એકાદ પણ સતકર્મ કરે અને એનો દરેક કલાક મજા, શાંતિ અને ઉલ્લાસ આપતો જાય છે *- ટોલ્સટોય*
- જમ્યા પછી તૃપ્તીનો જે ઓડકાર આવે છે તે જમ્યા પછીના દિવ્ય પરિતોષની એ પહોંચ-રસીદ છે *- ગુણવંત શાહ*
- શિયાળો ઘડપણને ડીંગો બતાવવા માટેની સાધના કરવા માટે સર્જાયેલી ઉત્તમ ઋતું છે *- જ્યોતિન્દ્ર દવે*
- વિપત્તિ એક એવી શાળા છે જે કંઇક તો શીખવી ને જાય છે *- ડો. કલામ*

(સંકલન : દીપક વી.આસરા)

બોધ કથા

પશુ-પંખી-માણસની આંખ હૃદય-વિચાર-ભાવનું પ્રતિબિંબ-પ્રતિઘોષ પાડે છે માત્ર આપણને 'આંખ' વાંચતાં આવડે તો વ્યક્તિ અને વ્યક્તિત્વ વેંચાઇ જ જાય.

અમેરિકાના વર્જિનિયામાં શિયાળાની ઠંડી સાંજે નદી કાંઠે એક વૃદ્ધ સામે પાર જવાની ઇચ્છાથી ઊભો હતો. નદીમાં પાણી તો કેડ સમું જ હતું આવી ટાઢમાં ઠંડા પાણીમાં ઝંપલાવવાની હિંમત કોઇ જ ન કરી શકે! ત્યાં બે ઘોડેસવાર આવ્યા. વૃદ્ધને તોછડાઇથી, ઇશારાથી ખસી જવાની સૂચના આપી પોતાની વાતમાં મશગૂલ નદી પાર ગયા.

થોડીવારે ફરી એક સૈનિક ઘોડેસવાર આવ્યો. વૃદ્ધ સામે સ્મિત કર્યું. વૃદ્ધે તેને વિનંતી કરી, કહ્યું ભાઇ મને તમારા ઘોડા પર બેસાડી નદી પાર લઇ જશો?

ઘોડે સવારે હાથ લંબાવી વૃદ્ધને ઘોડા પર લીધો અને નદી પાર કરાવી. નદી પાર પહોંચ્યા પછી ઘોડેસવારે વૃદ્ધને પૂછ્યું. મારા પહેલાં અહીંથી જ બે ઘોડેસવાર ગયા એમને નદી પાર જવા કેમ ન કહ્યું!

વૃદ્ધ કહે ભાઇ, મને આંખ વાંચતાં આવડે છે, એમની આંખ કોરી હતી. પોતાનામાં મશગૂલ હતા. જયારે તમારી આંખમાં પ્રેમ અને કરૂણાનો ભાવ મને દેખાયો...

આ યુવાન આગળ જતાં અમેરિકાનો પ્રમુખ જેફરસન થયા જે પ્રેમ-કરૂણા અને પ્રજા વત્સલ હતા.

Email - sureshchandrabhatt18@gmail.com

સાચા સદ્‌ગુરૂ જીવનમાં નડતરરૂપ એવા તમામ ભ્રમ દૂર કરે છે

જીવનની યાત્રા સફળ બનાવો

- લક્ષ્મી વાધવાણી (નિરંકારી)

આપણે ગાડીમાં (ટ્રેનમાં) કે બસમાં મુસાફરી કરવા બેસીએ છીએ ત્યારે ટીકીટ લેવી જરૂરી હોય છે. એ આપણે સૌ જાણીએ છીએ. જો મુસાફરી કરતાં પહેલાં ટીકીટ ના લીધી હોય તો ડર રહે છે કે કયાંક ટીસી આવશે તો? પકડાઇ જવાનો ડર સતત સતાવ્યા કરે છે. પરંત, જો ટીકીટ લીધી હશે તો મુસાફરી શાંતિ/સુખપૂર્વક પસાર થશે, અને મુસાફરી સફળ થશે.

આવી જ રીતે આ સંસારમાં આપણા જીવનરૂપી મુસાફરીમાં પણ ટીકીત લેવી જરૂરી છે. એ ટીકીટ છે 'બ્રહ્મજ્ઞાન'. જે સદ્‌ગુરૂ દ્વારા જ પ્રાપ્ત થાય છે. જેમ આપણે આપણી મંઝીલ (જયાં જવાનું છે ત્યાં સુધીની) સુધીની ટીકીટ લઇએ છીએ તેમ 'બ્રહ્મજ્ઞાન' એ 'બ્રહ્મ' પામવાની/જાણવાની ટીકીટ છે. જેમને સાચા સદ્‌ગુરૂ મળ્યા છે. આ ટીકીટ જેમની પાસે છે તેમને કોઇ ભય, ડર, ચિંતા રહેતી નથી. બલ્કી જીવનથી મૃત્યુ સુધીનો સફર એક ઉત્સવ બની જાય છે.

આજે સંત નિરંકારી મિશનના સદ્‌ગુરૂ બાબા હરદેવસિંહજી મહારાજ 'બ્રહ્મજ્ઞાન' રૂપી ટીકીટ દરેક મનુષ્યને આપીને તેના જીવનયાત્રા આ ભવસાગરથી પાર કરાવે છે. આવો, સદ્‌ગુરૂના ચરણોમાં સમર્પિત થઇને જીવનનો લહાવો માણીએ.

આજના મનુષ્યની દશા એક અબોધ બાળક જેવી છે. જેનો હાથ મેળામાં તેના પિતાજી છૂટી ગયોછે અને તે બાળક રડતું રડતું લાવારીસની જેમ ફર્યા કરે છે. મેળો ખૂબ સુંદર, આકર્ષક, લલચાવનારો છે. પણ પિતાજીથી વિખૂટા પડી જવાના કારણે બાળક મેળાનાં આનંદથી વંચિત થઇ જાય છે. સારી સારી વાનગીઓ, હિંચકા, રાઇડ્સ, નવા-નવાં રમકડાં, રોશનીની રોનક પણ બાળકોના ચહેરા પર ખુશી/હાસ્ય નથી લાવી શકતી, બાળક પિતાની શોધમાં બ્હાવરો બની ભટક્યા કરે છે. પણ હા, એવામાં કોઇ સજ્જન એવા મળી જાય કે જે બાળકને ઓળખતા હોય અને તેના પિતાને પણ ઓળખતા હોય. એ બાળકને તેના પિતાજી પાસે પહોંચાડી દે તો તરત એ બાળકનું રૂદન હાસ્યમાં અને આંસુ મુસ્કાનમાં બદલી નાખે છે.



મેળો એ જ, બાળક એ જ, પિતા પણ એ જ પણ પિતાથી એજ મેળામાં વિખૂટા પડવાથી બાળકની હાલત કેવી થઇ ગઇ હતી. જો કે હતા બંને એક જ મેળામાં પણ ફક્ત વિખૂટા પડી ગયા હતા. આપણી પરિસ્થિતિ પણ સદ્‌ગુરૂ મળ્યા પહેલાં એ જ હોય છે ને?

પૂજા, પ્રાર્થના, સેવા, તપ, જપ, જાપ બધું જ કરીએ છીએ. તેત્રીસ કરોડ દેવીદેવતાને પુજીએ છીએ પણ ખરેખર પરમાત્મા, ઇશ્વર કોણ છે કયાં છે તે કેટલા જાણીએ છીએ? ઇશ્વર એક જ છે તો પછી આટઆટલા દેવી-દેવતાઓની આરાધના-બાધા આખડી કર્યા પછી પણ શું સાચી જાણકારી છે કે તેઓ કયાં છે?

આપણે થડમાં પાણી સીંચવા/નાખવાને બદલે ડાળી, પાંદડા, ફળ-ફૂલને પાણી આપીએ છીએ. પરમાત્મા થડ/મૂળ છે. દેવી-દેવતા એની સાથે જોડાયેલા ડાળી, પાંદડા, ફળ ફૂલ છે. પણ એનું જ્ઞાન કોણ આપી શકે. જેમ પેલા બાળકને સજ્જને પિતા સાથે મેળાવ્યા તે જ રીતે એવા સદ્‌ગુરૂ કે જે બ્રહ્મને પોતે જાણતા હોય/જોતા હોય/સમજતા હોય/ માણતા હોય/ અનુભવતા હોય એવા સદ્‌ગુરૂ જ આપણને ઇશ્વરનો સાક્ષાત્કાર કરાવી શકે, એ જ બ્રહ્મજ્ઞાન આપી શકે. સાચા સદ્‌ગુરૂ કયારેય વહેમ, ભ્રમ, વિધિ, બાધા-આખડીઓમાં બાંધતા નથી.

આપણે જાણીએ છીએ. સૌની સાંભળેલી વાત છે કે સૂર્યને જળ ચડાવતાં જોઇને એક સંત જે દાખલો આપ્યો હતો. તેમણે પોતાના ખેતરથી બે-ચાર કિલોમીટર દૂર પાડી રેડ્યું. બધાએ પુછ્યું આ પાણી કેમ અહીં રેડો છો, તો તેમણે સુંદર જવાબ આપ્યો કે તમારૂં એક લોટો પાણી જો કરોડો માઇલ દૂર એવા સૂર્યને પહોંચી શકે તો મારૂં ડોલ ભરેલું પાણી બે કિલોમીટર દૂર મારા ખેતર સુધી શું ના પહોંચી શકે?

ખરેખર સૂર્યને જે જળ ચડાવવામાં આવે છે તેની પાછળ અનેક કારણો છુપાયેલા છે. એક તો એ નિયમને લીધે લોકો વહેલા ઊઠે. વહેલા નહાય, મનમાં પવિત્ર વિચારો જાગે અને વૈજ્ઞાનિક કારણ કે જે જળ સૂર્યને ચડાવવામાં આવે છે તે પાણીની ધારમાંથી સૂર્યને જોતાં આંખોની રોશની વધે છે.

આવા કંઇકેટલાય દાખલાઓ છે જે ભ્રમોમાં આપણે ભટક્તા રહીએ છીએ. છીક આવવી, બિલાડીનું આડું આવવું. અરે બિલાજી જાય તો કયાં જાય? કોઇ એને ઘરમાં રહેવા દેતું નથી. બહાર નીકળે તો એટલી બધી માનવ વસ્તી છે કે આડા ઉતરવાની વાત તો દૂર રહી એ બિચારી માણસ માત્રથી ગભરાય છે. એ કોઇનું શું બગાડવાની?

સાચા સદ્‌ગુરૂ જીવનમાં નડતરરૂપ એવા તમામ ભ્રમ દૂર કરે છે. સંત નિરંકારી મિશનના સદ્‌ગુરૂ બાબા હરદેવસિંહજી મહારાજ બ્રહ્મની પ્રાપ્તિ કરાવે છે જેના કારણે નિરંકારી મિશને સ્લોગન પણ આપ્યું છે. 'બ્રહ્મની પ્રાપ્તિ, ભ્રમની સમાપ્તિ.'

આ મનુષ્યનું શરીર જે બાળપણ, કિશોરાવસ્થા, યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થા જેવા પરિવર્તન પર ટકેલું છે. નિરંતર થઇ રહેલ પરિવર્તન આ વાતની સાક્ષી છે કે તમારો સંબંધ કોઇ અપરિવર્તનશીલ તત્ત્વ સાથે છે. ખરેખર આ પરિવર્તન જ થવાવાળી સત્તાને જ નિરંકાર કહેવામાં આવે છે. જે આપણી અંગસંગ છે.

આ સંસાર મહેંદીના પાંદડાની જેમ ઉપરથી તો લીલું દેખાય છે. પરંતુ, તેની અસર હાથની લાલીની જેમ (લાલ રંગની જેમ) વહેલી ઉતરતી નથી. જયાં સુધી અંતઃકરણમાં સંસારનું મહત્ત્વ છે. સંસારનો રંગ છે ત્યાં સુધી નિરંકારનું/પરમાત્માનું મહત્ત્વ સમજવું કઠીન છે.

સદ્‌ગરૂ દ્વારા આનું જ્ઞાનું મળે તો જ આત્મજ્ઞાન? આત્મબોધ થાય છે. આત્મબોધ/આત્મજ્ઞાન ત્યાં સુધી અધુરૂં છે જયાં સુધી બ્રહ્મજ્ઞાન/નિરંકારનો બોધ અસંભવ છે. આ પ્રક્રિયા એક સાચા સંત તથા સદ્‌ગુરૂની શરણાગતિથી જ સંભવ છે.

જયારે મનુષ્ય નિરંકારની પ્રાપ્તિ કરી લે છે તો એ સેવા, સ્મરણ, સત્સંગના માધ્યમથી સહજમાં સમજી જાય છે. કે નિરાકાર પ્રભુ પરમાત્મા કોઇ વર્ણનનો વિષય નથી. આ અનુભવનો વિષય છે. જે સમયના સદ્‌ગુરૂ બાબા હરદેવસિંહજી મહારાજના માધ્યમથી સંભવ છે.

સંત નિરંકારી મંડળના ભવનો દેશ-વિદેશમાં વ્યાપ્ય છે, જેનું સૌભાગ્ય ગાંધીનગરને પણ પ્રાપ્ત થયેલ છે. ગાંધીનગરમાં સેક્ટર-૩૦ ખાતે, ચીપ-ટાઇપ શોપિંગની સામે, સે-૨૯-૩૦ના બસસ્ટેન્ડ પાછળ આવેલ છે. જેમાં દર રવિવારે સવારે ૧૦.૦૦ થી ૧૨.૩૦ સુધી સત્સંગનું આયોજન થાય છે તથા દર ગુરૂવારે મોબાઇલ સત્સંગ હોય છે.

વધુમાં સંત નિરંકારી મિશનના સદ્‌ગુરૂ બાબા હરદેવસિંહજી મહારાજનું પ્રવચન દર બુધ અને ગુરૂવારે ઝી ટીવી પર સવારે ૬.૦૦ થી ૬.૩૦ સુધી આવે છે. સત્સંગને લગતું સાહિત્ય ભવન પરથી વિના મૂલ્યે વાંચવા મળશે, તો ગાંધીનગરની ધર્મપ્રેમી જનતાએ તેનો અચૂક લાભ લેવા નમ્ર વિનંતી છે. વધુ માહિતી માટે ' ' ની વેબસાઇટ ચકાસો. તેમજ ફોન દ્વારા કે. એસ. ચુઘ, ફોન નં. ૨૩૨૨૪૫૬૬, જી.કે ચુઘ, મો. ૯૯૭૮૪૦૬૫૬૮ તથા લક્ષ્મી વાધવાણી - ૯૮૯૮૦૧૨૬૯૨ નો સંપર્ક કરવા વિનંતી છે.

આજનો યુવાન વધારે બોલ્ડ અને આક્રમક છે, પરંતુ એથીયે વધુ સમજદાર છે

સખીને પત્ર

- સ્વાતિબા રાઓલ

પ્રિય સખી,

હમણાથી આપણો સંપર્ક થોડો અનિયમિત થઇ રહ્યો છે. પ્રથમ તો એના માટે હું મારી માંગુ છું. ઘણી વખત કામકાજનો એવો ઢગલો થઇ જાય છે કે જાતને કર્મના પ્રવાહમાં પ્રવાહીત થઇ જવા દેવી પડે છે. કયારેક શંકા જાય છે કે સમય એટલો જ છે કે કાર્યો પણ એટલાં જ કદાચ ક્ષમતા જ ઓછી થઇ ગઇ છે મારી! પણ દલીલ સાથે હું જ અસંમત છું. ઓશોજીએ એક સુંદર વાત કરી છે -

"વિજ્ઞાનીઓ કહે છે એક શરીરમાં કમ કે કમ સાત કરોડ જીવાણું છે. તેથી જ આત્માને પુરૂષ કહ્યો છે, કારણ કે શરીરને આપણે 'પુર' (નગર) કહ્યું છે. આ એવું પુર છે જેની આગળ મુંબઇ કે કલકત્તા પણ નાના લાગે કારણ કે આ શહેરોની વસ્તી તો એક કરોડ છે. જયારે તમારા શરીરમાં સાત કરોડ જીવાણું છે. સાત કરોડ જીવંત કોષ સતત તમારા શરીરનું નિર્માણ કરે છે. વિજ્ઞાનીઓએ અણુશક્તિની ખોજ કરી. એક અણુનો વિસ્ફોટ થવાથી નેવું સેકન્ડમાં 'લાખની વસ્તી ધરાવતું નાગાશાકી શહેર સ્મશાન બની જાય છે. જે અણુ નરી આંખો જોઇ પણ ન શકાય તેમાં આટલી ઉર્જા આટલી તાકાત ભરેલી છે. તો આટલા બધાં અણુઓ ધરાવતું વિશાળ શરીર કેટલી ઉર્જા ધરાવતું હશે ? વિજ્ઞાને દુનિયાને હજારવાર ભસ્મીભૂત કરી શકાય એવું અણુબોમ્બ આપ્યાં પરંતુ રોટલાને લોહીમાં પરિવર્તિત કરવાનો જાદુ તો આપણા શરીર પાસે જ છે. આપણું શરીર ચમત્કાર કરે છે તે રોટલાને લોહી, માંસ, તમારૂં મસ્તિષ્ક અને તમારા વિચારમાં પરિવર્તીત કરે છે અને તમારી ચેતનાનનું દ્વાર સર્જે છે."

આટલા ઉર્જાવાન શરીર પાસે ધારો એટલા કામ લઇ શકાય એટલે દુર્બળ વિચારોને ખંખેરવા પડશે. આમેય હવે સમય યુવાનો અને યુવાનીનો છે. આમ આદમીથી રાજ્યનાં મુખ્યમંત્રી સુધીનાં રસ્તાને આજનો યુવાન ચપટીમાં પુરી કરે છે. વર્ષોથી ખુરશીની ટાંટીયા ખેંચની રમત દેશમાં વૃદ્ધો દ્વારા રમાતી હતી અને પ્રજા માટે એ દૃશ્ય રોજીંદું બની રહ્યું હતું ત્યારે એક ઉર્જાવાન-વિચારવંત યુવાન પ્રજાને રામરાજય સાકાર કરવાના માર્ગ ચીંધે છે. ત્યારે રૂઢ વિચારો, આગ્રહો અને પૂર્વાગ્રહો, અરે! હઠાગ્રહોના મફલર વિંટાળીને ફરતાં મનની બુઢ્ઢા લોકોને કહેવાનું મન થાય કે -

"ઉઠો દેખો વો આંધી આ રહી હૈ
ઉફ્ક પર બર્ક સી લહરા રહી હૈ
નિશાના તે સિતમ થર્રા રહે હૈ
હુકૂમત કે અલમ થર્રા રહે હૈ
ગુલામી કે અલમ થર્રા રહે હૈ
બેબસી અબ વતન સે જા રહી હૈ..."

*(ઉફ્ક્ - ક્ષિતિજ, બર્ક - વિજળી)

કરોડ રૂપિયાની નોકરીઓ છોડીને દેશસેવામાં જોડાતાં આજના યુવાનોમાં ઘણી જ શ્રદ્ધા અને સંભવનાઓ દેખાઇ રહી છે. આજના યુવાનોમાં નાગરિકતાના ગુણ અને સમાજ પ્રત્યેની જવાબદારીના ગુણો ઉજળા સંજોગોનું નિર્માણ કરનારાં લાગે છે. પક્ષ અને પાર્ટીની વિરૂદ્ધ જઇ રાહુલ ગાંધી દાગી નેતાઓ અંગને વિધેયકનો વિરોધ કરે છે ત્યારે યુવાનોનો આત્મવિશ્વાસ બળબળતી બપોરમાં મીઠીં વિરડી જેવો લાગે છે.

મારી શાળામાં હું અમુક સમયે બાળકો પાસે સમાજ સેવાના કામ કરાવું છું. વૃદ્ધાશ્રમની મુલાકાત કે રક્તદાન શિબિર જેવા કાર્યક્રમ પણ થાય. અને ગરીબ વિદ્યાર્થીઓને પ્રવાસમાં લઇ જવા માટે, સ્વેટર લાવી આપવા માટે કોઇ દાનેશ્વરીના દ્વાર પણ ખખડાવી લઉં.

હવે, હમણાં મારી પાસે ભણી ગયેલાં ભૂતપૂર્વ (ખરેખર તો અભૂતપૂર્વ) વિદ્યાર્થીઓ આવ્યાં. તેમણે એક ગૃપ બનાવ્યું છે અને તેઓ શાળાના ગરીબ વિદ્યાર્થીઓને પુસ્તકોથી માંડીને પ્રવાસમાં લઇ જવા માટે પોતાના પોકેટ મનીમાંથી બનતી બધી જ સહાય આપવા કટિબદ્ધ બન્યાં છે અને આ શિયાળાની શરૂઆતમાં બે દીકરીઓને સ્વેટર આપી સેવા અને પ્રેમની હૂંફથી અમારા શિયાળાને તરબતર કરી ગયા છે. આ વિદ્યાર્થીઓ કંઇ માલેતુજાર પરિવારના નથી. તેઓ ભણતા ભણતા નોકરી કરે છે. પૈસા બચાવે છે અને અન્ય વિદ્યાર્થીઓને મદદરૂપ થાય છે. આ સદ્‌ભાવના જોઇને આજની યુવા પેઢીમાં મારો વિશ્વાસ અનેક ગણો વધી ગયો છે. આશા જાગી છે કે જમીન બંજર નથી ઘણી જ ઉપજાઉ છે જરૂર છે તાકાતવાળા બીજ વાવીને યોગ્ય પોષણ આપવાની. પછી જુઓ તેના કેવા મીઠાં ફળ મળે છે!

આજનો યુવાન વધારે બોલ્ડ અને આક્રમક છે. પરંતુ એથીયે વધુ સમજદાર છે. આપણે સૌ સમાજમાં બનતી બળાત્કારની ઘટનાઓ માટે કાગારોળ મચાવી સમગ્ર યુવા જગતને આરોપીના પિંજરામાં મુકીને બદ્દુઆઓ અને અપયશના જૂતા મારીએ છીએ. પરંતુ સાથે સાથે એ પણ વિચારવાનું છે કે સમાજમાં આ પ્રાકરની ઘટનાઓ દ્રૌપદીના કાળથી થતી આવી છે. પરંતુ આવી ઘટનાઓનાં વિરોધમાં આખા શહેરના યુવાનો હાથમાં મીણબત્તી લઇ રસ્તા પર વિરોધ કરવા ઊતરી આવે એવું બન્યું છે ખર? સાધુઓની પાખંડલીલા સામે ભોગ બનનાર યુવતીઓ એ આ વખતે દાખવેલી હિંમત આ પહેલાં કયારેય નોંધાઇ છે? ઉત્તરાયણમાં જોશભેર પતંગ ઉડાવતા યુવાનો જીવનું જોખમ ખેડીને પણ દોરીમાં તારમાં ફસાયેલ અબોલ જીવને બચાવવાની દયા પણ દાખવે છે!

ઘણાં વખત પહેલાં એક વાર્તા સાંભળી હતી. એક વૃદ્ધ અને અનેક યુવાનો સાધુ જંગલમાંથી પસાર થઇ રહ્યા હતા. વચ્ચે એક નદી આવી. કિનારે એક તરૂણી ભયભીત બનીને ઊભી હતી. એને સામે પાર જવું હતું પણ તરતા નહોતું આવડતું. તેણે આ સાધુઓને જોઇને તેમને સામે પાર પહોંચાડવા વિનંતી કરી. વૃદ્ધ સાધુએ તેની તરફ ધ્યાન ન આપ્યું. યુવાન સાધુએ તેને પોતાના ખભા પર બેસાડી દીધી અને સામે પાર પહોંચાડી દીધી. તરૂણી ખુશ થઇ પોતાના ગામ જતી રહી અને સાધુઓ આશ્રમ તરફ આગળ વધ્યા.

બંને સાધુ ચૂપચાપ આગળ વધતાં ગયા. બંનેમાંથી વૃદ્ધ સાધુએ કહ્યું, 'હું આજે ગુરૂને તારી ફરિયાદ કરીશ કે આજે તે એક તરૂનીને સ્પર્શ કર્યો હતો, એટલું જ નહિ તેને ખભા પર પણ બેસાડેલી!' યુવાન સાધુ ચોંકી ઉઠ્યો તેણે કહ્યું, 'હા, મેં એને ખભા પર બેસાડી નદી પાર કરાવેલી પછી તેને ઉતારી દીધી હતી. પરંતુ માનનીય વડીલ બંધુ! તમારા ખભા પર તો એ હજીયે બેઠેલી છે. આપણે આટલા માઇલ ચાલીને અહીં આવ્યાં મેં તો એને ત્યાંજ છોડી મુકેલી પણી એ તરૂણી તમારા ખભા પર બેઠા વગર જ તમારા ખભા પર સવાર થઇ ગઇ છે. હું તો ભૂલી ગયો હતો પણ તમે જ તેને અહીં સુધી લઇ આવ્યા છો!'

યુવાન સાધુ નિર્દોષ હતો તેના મનમાં કરૂણા હતી. સહાનુભૂતિ હતી. એટલે મુશ્કેલ સ્થિતિમાં એને તરૂણીની સહાય કરવામાં કોઇ ભય કે સંકોચ ન નડ્યા. પરંતુ વૃદ્ધનું મન રૂંધાયેલું હતું. તેને આખું જીવન ફરિયાદોથી ભરેલું હતું. તેની નજર એ જ જોતી હતી જે તેને જોવું હતું. એટલે જ તેને યુવાન સાધુ પર ક્રોધ આવ્યો. આપણો સમાજ પણ આવાં વૃદ્ધોથી ભરેલો છે અને આવાં જ લોકો આપણો સમાજ ચલાવે છે, સમાજને નીતિ-નિયમ અને શિસ્ત આપે છે. આપણા સમાજને આપણને જરૂર છે પોતાનું જીવન સહજતાથી જીવવાનું સાહસ કરે તેવા યુવા ચિત્ત વાળાં લોકોની પોતાના સાહસ-ગંભીર કાર્યોથી દુનિયા બદલી નાંખનારા યુવાનો જ આજના સમયમાં તાતી જરૂરિયાત છે. સ્વામી વિવેકાનંદની દોઢસોમી જન્મજયંતી વર્ષ પૂર્ણ થવામાં છે ત્યારે ફરી એકવાર આજના યુવાનોમાં ભારતના ઉજ્જવળ ભવિષ્યમાં સોનેરી સ્વપ્નમાં સરી પડાય તેવાં સંજોગોનાં નિર્માણની શરૂઆત થઇ ગઇ હોય તેવું લાગે છે.

મનીષી રોમાંરોલાંએ વિવેકાનંદજી વિષે કહ્યું છે કે, "એમના સિંહ જેવા હૃદયમાં હંમેશા સમર્થ પુરૂષાર્થના પ્રબળ આવેગો ઉછળતાં. તેમણે કર્મયોગનો સંદેશ આપ્યો. તે કર્મયોગને સર્વ સદ્‌ગુણોનું ઉદ્‌ભવસ્થાન માનતા." બસ આજનો યુવાન વિવેકાનંદજીના આ વ્યક્તિત્વને પોતાનામાં સાકાર કરે તેવી અભ્યર્થના અને શુભેચ્છા સાથે સર્વ યુવાનોને કૈફી આઝમીના આ શબ્દો અર્પણ કરૂં છું -

પીરી (ઘડપણ) :
યહ આંધી, યહ તુફાન, યે તેજ ધારે
કડકતે તમાશે, ગરજતે નજારે
અંધેરી ફ્જા, સાંસ લેતા સમંદર
ન હમરાહ ન મશાલ ન તારે
મુસાફિર ખડા રહે અભી જી કો મારે!

જ્યારે શબાબ (યુવાની) :
ઉસીકા હૈ સાહિલ ઉસી કે કગારે
કડકતે તમારે, ગરજતે નજારે
અંધેરી ફ્જાં, સાંસ લેતા સમંદર
યૂં હીં સર પટકતે રહેંગે યે ધારે
કહાં તક ચલેગા કિનારે કિનારે?

- તારી સ્વાતિ

ખોટું આચરણ કરી અન્યને છેતરી સુખી થવાનાનાં ભ્રમમાં રાચનારને એ ખબર નથી કે ઉપરવાળો ધીમું દળે છે પણ ઝીણું દળે છે

Man is worse tahn an animal when he is an animal.

- રવિન્દ્રનાથ ટાગોર

(માણસ જયારે પશુ બની જાય છે ત્યારે એ પશુથીય વધુ ખરાબ હોય છે.)

માણસ અન્ય પ્રાણીઓથી કેવી રીતે અલગ પડે છે? તત્કાલ ઉત્તર છે - બુદ્ધિથી. ઇશ્વરે મનુષ્યને અન્ય પ્રાણીઓ કરતાં વિશેષ બુદ્ધિ આપી છે. તર્કશક્તિ આપી છે તર્કશક્તિથી માણસમાં નીરક્ષીરને વિવેક- જેને અંગ્રેજીમાં સેન્સ ઓફ ડિસ્ક્રીમિનેશન કહે છે તે સૂઝ વિકસી. ધર્મ આવ્યો. પછી સંસ્ક-તિ વિકસી, સાહિત્ય, સંગીત, શિલ્પ અને નૃત્ય વગેરે કળાઓએ માણસના જીવનને એક સરસ અર્થ આપ્યો છે. માણસ માટે પ્રબુદ્ધ બનવા તરફનાં દ્વાર ઊઘડી ગયા.

દ્વાર ઊઘડી તો ગયાં પણ માણસ એ દિશામાં આગળ વધી એનો મહત્તમ લાભ ન મેળવી શક્યો. આ માટે પણ બુદ્ધિને જ કારણભૂત ગણાવી શકાય. બુદ્ધિ ઉપર ઉઠાવે ને નીચે પણ પછાડે. એ બુદ્ધ બનાવે અને રાક્ષણ પણ. બુદ્ધિનો ઉપયોગ માત્ર પોતાના જ સુખ માટે થાય છે ત્યારે માણસમાં ખોટું કરવાની વૃત્તિ જાગે છે ને એનું અધઃપતન થાય છે, જયારે તે બુદ્ધિને અન્યના સુખસગવડ માટે વાપરે છે ત્યારે એ મનુષ્ય હોય છે. સ્વાર્થ પોષવામાં બુદ્ધિ કુશાગ્ર (ઘાસની ધાર જેવી તીક્ષ્ણ) હોય તો પણ એની ગતિ પાછાં પગલાંની હોય છે, એટલે કે પશુ બનવા તરફની.

સુખ મળે ત્યાં બધાના વિચાર દે

અક્ષયપાત્ર

- બકુલ દવે

આજે ચોમેર, દૃષ્ટિ કરીએ ત્યાં આવી પાછા પગલાંની ગતિ જ થઇ રહી છે. કોઇ ધીમે ચાલે છે, તો કોઇક ઝડપથી, પણ મોટા ભાગના લોકોનું વલણ આ રીતે ચાલવાનું જ છે; કારણ કે સૌને સુખી થઇ જવું છે. બીજાનો હક્ક છીનવી, છેતરપીંડી કરી પોતાના માટે સુખ અંકે કરી લેવું છે. ફાટેલી બંડીમાં પડેલી, ચોળાયેલી - ચોવડી વાળેલી પાંચ-દસ રૂપિયાની એક માત્ર ચલણી નોટ છીનવી લેવાનો પ્રપંચ રચી પોતાના સુખનો વિસ્તાર વધારવાની જબરજસ્ત હોડ ચાલી રહી છે. રૂપિયાની મુડી વધારતાં જતા માણસ પાસે પ્રામાણિકતા, કરૂણા અને પરોપકાર જેવા સદ્‌ગુરૂની મુડી ઓછી થતી જાય છે.

સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે **'The more selfish a man, the more immoral he is'** - માણસ જેટલો વધુ સ્વાર્થી એટલો વધુ અનૈતિક છે. પશુનો સંઘર્ષ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા પૂરતો જ હોય છે. અસ્તિત્વ ટકી જાય એટલું આ ક્ષણે મળી જાય કે એનો સંઘર્ષ પૂરો થાય છે અને જરૂરિયાત પૂરતું મળી જાય પછી એ સંગ્રહ કરતું નથી. ધરાયેલો સિંહ શિકાર નથી કરતો, પણ માણસ કરે છે. એ કદીયે ધરાતો નથી, સુખની ઉલટી થઇ જાય તો પણ. આ ભૂખાળવી વૃત્તિ એને બે પગવાળું પશું બનાવી દે છે. ઇશ્વરે માણસને બુદ્ધિ આપી છે ને તર્કશક્તિ પણ. પસંદગી પણ એને કયારેક ડફણાંનો માર, આરના ગોદા કે ચાબુક ખાવા પડશે. તુલસીદાસજીએ ઝોરને તાડને લાયક ગણ્યું છે. ખોટું આચરણ કરી અન્યને છેતરી સુખી થવાનાનાં ભ્રમમાં રાચનારને એ ખબર નથી કે ઉપરવાળો ધીમું દળે છે પણ ઝીણું દળે છે. પોતે સુખી થઇ જવાના ધમપછાડામાં બીજાની આંતરડી કકળાવી હશે તો કુદરતનો માર આજે નહીં તો કાલે ખાવો પડશે એ ચોક્કસ છે. ઇશ્વર દયાળુ છે, પણ સમય આવ્યે પશુને સીધા રસ્તે હાંકવા ક્રૂર પણ બની શકે છે. કોઇને એક આંસુ પડાવ્યું હશે એણે લાખ આંસુ સારવાં પડશે. રવીન્દ્રનાથ ટાગોરની એક ઉક્તિ આ સંદર્ભે ટાંકવા જેવી છે . **'God's right hand is gentle, but terrible is his left hand.'** - ભગવાનનો જમણો હાથ માયાળુ છે, પણ એનો ડાબો હાથ ભયંકર છે.' છેલ્લે, મરીઝનો એક શેર :

'બસ, એટલી સમજ મને પરવર દિગાર દે,
સુખ જયાં મળે ત્યાં બધાના વિચાર દે.'